નગરના અંતિમધામ ખાતે રોટરી કલબ દ્વારા વાતાનુકૂલિત પોર્ટેબલ શબપેટીનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૫

પાટનગરના અંતિમધામ ખાતે રોટરી કલબ ઑફ ગાંધીનગર દ્વારા મૃતક સ્વજનોની સેવામાં વાતાનુકૂલિત પોર્ટેબલ શબપેટીની સુવિધાનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. ખાનગી ટ્રસ્ટ તરફથી લોકાર્પણ થયેલ આ શબપેટી મૃતકના દૂરના અંતરે રહેતા સ્વજનો માટે આશીર્વાદરૂપ બની રહેશે.

અસામાન્ય સંજોગોમાં વ્યક્તિનાં ખર્ચાળ હોઈ મોટા ભાગના કિસ્સાઓમાં લેવાની ફરજ પડે છે. આ બાબતને આટોપી લેવાની ફરજ પડે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને રોટરી કલબ ગાંધીનગર તરફથી સે-૩૦ ખાતેના અંતિમધામમાં મૃતકોમાં સ્વજનો માટે પોર્ટેબલ એર કન્ડીશન્ડ મોર્ચ્યુરી 'પામ'ની સુવિધા શરૂ કરવામાં આવી રહી છે. સ્વ. મધુબેન પ્રભુદાસ ખેતાણી ચેરીટેબલ ટ્રસ્ટ વતી જાણીતા મહિલા અગ્રણી શ્રીમતી દિવ્યાબેન રાવલ તથા જસ્ટીસ ડી. જી. કારીઆના હસ્તે રોટરી કલબને આ શબપેટી ભેટ ધરી વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અમદાવાદના ખાનગી મેન્યુફેક્ચરર દ્વારા તૈયાર કરાયેલી પારદર્શક કાચના ઢાંકલા વાળી, અઢી-અઢી ફૂટની પહોળાઈ - ઊંચાઈ અને પોણા આઠ ફૂટની લંબાઈ ધરાવતી આ આધૂનિક શબપેટીની સફળતાથી હેરાફેરી થઈ શકે તે માટે હેન્ડલ તથા પૈંડા પણ રાખવામાં

● અનુ. સાતમા પાને

દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૫

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલયના નિવૃત્ત ઉપસચિવ શાંતિલાલ એમ. રાઠોડનો તા. ૨જી-જૂન-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ થયો છે. સ્વર્ગસ્થના આત્માની શાંતિ માટે તેમના નિવાસ સ્થાન પ્લોટ નં. ૫૩૯/૨, સેક્ટર-૭-બી, ગાંધીનગર ખાતે આજે તા. ૬ઠ્ઠી જૂન-૨૦૧૨ને બુધવારે સવારે ૧૦ કલાકે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેની સૌ સ્નેહી સ્વજનોએ નોંધ લેવી.

ચૌધરી બીબીએ અને બીસીએ કોલેજની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સેક્ટર-૭માં આવેલી ચૌધરી બી.બી.એ. કોલેજ અને ચૌધરી બી.સી.એ. કોલેજમાં પ્રવેશ મેળવવા માટેના ફોર્મના વિતરણની કામગીરી આજે તા. ૬ઠ્ઠી જૂન-૨૦૧૨ થી ૯મી જૂન-૨૦૧૨ દરમિયાન સવારે ૧૧ થી ૫ વાગ્યા દરમિયાન ચાલશે.

ચૌધરી કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન કોલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. આ કોલેજને બી.બી.એ. અને બી.સી.એ.ના ફોર્મ વિતરણ તથા સ્વીકાર માટેનું કેન્દ્ર ફાળવ્યું છે. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૯મી જૂન છે તો રસ ધરાવતા વિદ્યાર્થીઓએ સત્વરે કોલેજનો સંપર્ક કરી ફોર્મ મેળવી લેવા અને ભરીને આપી દેવા તેવું કોલેજના ઈન્ચાર્જ ડાયરેક્ટરે જણાવ્યું છે.

સે. ૨૭માં વરસાદી પાણીના નિકાલ માટે પાઈલાઈન નંખાશે

ફૂટપાથ નિર્માણ બાદ જળબંબાકાર થતા ખાસ કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૫

સે. ૨૭માં ફૂટપાથ નિર્માણ બાદ વકરેલી વરસાદી પાણીના ભરાવાની સમસ્યાને નિવારવા તંત્ર દ્વારા નવીન પાઈપલાઈન નાંખવાનું કામ હાથ ધરવામાં આવશે.

શહેરના સેક્ટરોમાં ચોમાસા દરમિયાન ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. જ્યારે સેક્ટરોમાં ફૂટપાથ નિર્માણનું કામ પૂર્ણ કરાયા બાદ ઘણા ઠેકાણે વરસાદી પાણીના ભરાવાની સમસ્યા વધુ પેચીદી બની હોવાનુ ધ્યાને આવ્યું છે. સે. ૨૭ માં રોડ નં. ૬ પાસે સ્થિત ગાયત્રીનગર સોસાયટીમાં પણ વરસાદી પાણીના ભરાયાની સમસ્યા સ્થાનિક રહીશો માટે શિરદર્દ સમાન બનતા આ અંગે અગાઉ તંત્ર સમક્ષ રજૂઆત પણ કરવામાં આવી હતી. પાટનગર યોજના વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર રોડ નં. ૬ ના એપ્રોચ માર્ગ પર વરસાદી પાણીના નિકાલ માટે આગામી ચોમાસાને ધ્યાને લઈ પાઈપલાઈન નાંખવાનું કામ હાથ ધરવામાં આવશે. વરસાદી પાણીનો ભરાવો અટકાવવા પાઈપલાઈનની કામગીરીને અનુલક્ષી ટુંક સમયમાં ટેન્ડરપ્રક્રિયા હાથ ધરવામાં આવશે ત્યારબાદ ફૂટપાથથી ડ્રેનેજને જોડતી પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવશે.

ખ-૭ના ફૂવારાને નિભાવવાની જવાબદારી જીવન વીમા નિગમે સ્વીકારી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં ખ-૭ ખાતે સર્કલને વિકસાવીને તેને નિભાવવાની જવાબદારી જીવન વીમા નિગમ વતી ગાંધીનગર વિભાગે સ્વીકારેલ છે. જે અંગે સુશોભનની જરૂરી કાર્યવાહી ટૂંક સમયમાં પૂરી થતાં નગરને વધુ એક રમણીય સ્થળમાં ઉમેરાશે.

ગાંધીનગર ખાતે પર્યાવરણ દિને લોકજાગૃતિ માટે સાયકલ રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર ખાતે યોજાયેલી રેલીને જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ (આઈએએસ), મ્યુનિસિપલ કમિશ્નર શ્રી સી. આર. ખરસન અને સુપ્રિટેન્ડેન્ટ ઑફ પોલીસ, ગાંધીનગર, અર્ચના શિવહરે (આઈપીએસ) દ્વારા લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. જીઈસી દ્વારા આ રેલીનું આયોજન ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી) ના સહયોગથી તથા વન અને પર્યાવરણના સમર્થનથી કરવામાં આવ્યું હતું. આ રેલીઓ રાજયનાં દસ શહેરો અનુક્રમે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જૂનાગઢ, જામનગર, ભાવનગર, વાપી, અંકલેશ્વર અને રાજયના પાટનગર ગાંધીનગરમાં એક સાથે યોજવામાં આવી હતી. અને આ તમામ દસ રેલીમાં કુલ ૫,૦૦૦ થી પણ વધારે વ્યક્તિઓએ ભાગ લીધો હતો. રેલીમાં ભાગ લેનારા વ્યક્તિઓએ

પર્યાવરણની જાળવણી અંગેના સૂત્રો દર્શાવતા બેનરો પણ દર્શાવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાતના વન તથા પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ આઈએએસ શ્રી એસ.કે. નંદાએ જણાવ્યું હતું કે પર્યાવરણની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાતમાં જંગલો, દરિયાકિનારાનો વિસ્તાર, સુકા પ્રદેશો, દરિયાઈ સૃષ્ટિ, કોરલ રિફ અને પર્વતીય વિસ્તારો વગેરેના સ્વરૂપમાં ભરપૂર વિવિધતાઓ રહેલી છે. આવી વિવિધ પ્રકારની પર્યાવરણને લગતી પરિસ્થિતિઓ અને ભૌગલિક વિસ્તારોની.....

● અનુ. સાતમા પાને

મનપાએ આકારણીનાં રજિસ્ટર્સ ચકાસવાની મુદત પાંચ દિવસ લંબાવી

ગઈકાલ સુધીમાં ૮૪૭ વાંધા અરજીઓ તંત્રને મળી છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાની વસુલી માટે તૈયાર કરાયેલ આકારણી રજીસ્ટરો જોવા માટે અને તે અંગેના વાંધા હોય તો તે રજુ કરવાની મુદતમાં પાંચ દિવસનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

મનપામાં આ રજીસ્ટરો જોવાની મુદત જે ૬ જૂનના રોજ પુર્ણ થતી હતી તે વધારીને હવે ૧૧ જૂન કરવામાં આવી છે. મનપાની સત્તાવારયાદીમાં જણાવાયા મુજબ આકારણી અંગે અત્યાર સુધીમાં ૮૪૭ જેટલા વાંધાઓ મળ્યા છે. જેમાં નામમાં જોડણી કે નામ ફેર બાબતની અરજીઓ ૩૩૨, માલિક અને કબ્જેદાર સંબંધીવાંધા-૧૦૦, માપ અંગેના વાંધા ૧૩૮, આકારણી સર્વે થયા ન હોય તેવા વાંધા ૨૧૮ અને અન્ય વાંધાઓ ૫૮ જેટલા મળી ૮૪૭ વાંધાઓ મળ્યા છે.

મનપાની યાદીમાં જણાવ્યા મુજબ નામ ફેર તથા કબ્જેદારના વાંધા સૌ પ્રથમ નિકાલ કરવામાં આવશે. ત્યારબાદ વાંધાઓ અંગે સ્થળતપાસને અંતે નિકાલ કરવામાં આવશે.

મનપા દ્વારા આકારણી રજીસ્ટરો જોવા માટે જનસેવા કેન્દ્ર ખાતે ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે. આજે દિવસ દરમ્યાન ૫૦૦ થી પણ વધુ લોકોએ રજીસ્ટરોની ચકાસણી કરી ૧૦૦ જેટલા વાંધો રજુ કર્યા હોવાનું જાણવા મળેલ છે.

સે. ૨૮ની પોસ્ટ ઓફિસમાં ચાલુ પંખો તૂટી પડતાં દોડધામ મચી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સેક્ટર-૨૮માં આવેલ પોસ્ટ ઓફિસની કચેરીમાં આજે સવારે ૧૧.૧૫ના સુમારે સિલીંગફેન તુટીને પડતાં ભારે ચકચાર મચી જવા પામી હતી. સદ્નસીબે પંખો પડવા છતાં કોઈને પણ ઈજાઓ થઈ ન હતી. જો કે આ પછી કર્મચારીઓમાં ભારે ગભરાટની લાગણી વ્યાપેલી જોવા મળતી હતી. મળતી વિગતો પ્રમાણે આજે સવારે ૧૧.૧૫ કલાકે પોસ્ટ ઓફિસના કર્મચારીઓ તેમની નિયત કામગીરી કરી રહ્યા હતા. પોસ્ટમેનભાઈ ટેબલ પરથી ઉભા થઈ અન્ય કામ માટે જતા હતા ત્યા જ એકદમ ધડાકાભેર આ પંખો ક્લાર્ક શ્રૃતિબેન પરમારની પાઇળના ભાગમાં તુટી પડ્યો હતો. ચાલુ પંખો પડતાં તેનો અવાજ થતાં જ શ્રૃતિબેન ઉભા થઈ બહાર દોડી ગયા હતા. પંખો પડવાને કારણે તેના પાંખિયા વળી ગયા હતા જો કે સદ્નસીબે આ પંખો કોઈ કર્મચારીને વાગ્યો ન હતો પરંતુ આને કારણે ઉભેલા ગ્રાહકો અને કર્મચારીઓમાં ગભરાટની લાગણી પ્રસરી જવા પામી હતી. સે. ૨૮માં આવેલ પોષ્ટ ઓફિસની કોમ્પ્યુટર સેવાઓ પણ છેલ્લા ત્રણ દિવસથી ખોટવાઈ ગયેલી હોવાથી ગ્રાહકોને રોજેરોજ ધક્કા ખાવા પડી રહ્યા છે. તંત્ર દ્વારા દુરસ્તી અંગેની કામગીરી ઝડપથી હાથ ધરાય તેવી લાગણી વસાહતીઓએ વ્યક્ત કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૨

તાપમાન

મહત્તમ : ૪૦.૪ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧ : રાઉડી રાઠોડ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

સ્ક્રીન-૨ : રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૩ : એમઆઈબી- ૩ (હિન્દી) : ૧૧.૧૫

રાઉડી રાઠોડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ : હાઉસફુલ- ૨ : ૧૧.૩૦

વીકી ડોનર : ૨.૩૦

ઈશકઝાદે : ૪.૪૫

રાઉડી રાઠોડ : ૭.૧૫, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રાઉડી રાઠોડ : ૯.૦૦, ૨.૩૦, ૭.૪૫

મેન ઈન બ્લેક ૩ડી (હિન્દી) : ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

રાઉડી રાઠોડ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

: સ્ક્રીન-૩ :

રાઉડી રાઠોડ : ૯.૪૫, ૧૨.૧૫, ૩.૦૦, ૮.૩૦

ઈશકઝાદે : ૫.૪૫

: સ્ક્રીન-૪ :

રાઉડી રાઠોડ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : પ્રેમ સંબંધમાં સફળતા મેળવીશકશો. દિવસભર કામમાં આજે વ્યસ્તતા રહેશે. નોકરી- વ્યવસાય ક્ષેત્રે નવી તકો પ્રાપ્ત થવાની સંભાવના છે. કોટુંબિકજીવનમાં તકરાર ઉભી ન થાય તેની કાળજી રાખવી.

વૃષભ : નોકરી - વ્યાપાર અર્થે પ્રવાસનું આયોજન થઈ શકે છે. આપે પોતાના ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. આપના સ્નેહીજનોથી મુલાકાત થઈ શકે છે. નવા સંબંધો બંધાશે.

મિથુન : આપના કામમાં મિત્રોની ઈચ્છા હોવા છતાં તે તમને સહાય ન પણ કરી શકે. કોટુંબીજનો સાથે નિરાશાજનક વાતાવરણ ઉભું ન થાય તેનું ધ્યાન રાખવું. આવક કરતાં ખર્ચમાં વધારે થવાની સંભાવના છે.

કર્ક : આપના પ્રિય પાત્ર દ્વારા કોઈ ભેટ પ્રાપ્ત થવાની સંભાવના છે. આપે આરંભેલા કાર્યોમાં ઉન્નતિ અને પ્રગતિ જણાશે. જે આપના કાર્યમાં સ્ફુર્તિ એને જોશ આપશે. કોઈ વ્યક્તિગત સમસ્યા ઉભી થઈ શકે છે.

સિંહ : નવી કાર્યયોજનાઓનું આયોજન થઈ શકશે. પ્રેમ સંબંધોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં શાંતિનું વાતારણ જળવાઈ રહેશે. રાજકીયક્ષેત્રે આપને માન- સમ્માન પ્રાપ્ત થવાની સંભાવના છે.

કન્યા : આપ પોતાની બુદ્ધિ કૌશલ્યથી કાર્યમાં વૃદ્ધિ પ્રાપ્ત કરી શકશો. શત્રુઓ આપના પર હાવિ ન થાય તેની કાળજી લેવી. કોર્ટ-કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : પોતાના દ્વારા સુનિશ્ચિત કરેલા માર્ગ પર ચાલવું. સામાજિક કાર્યોમાં પોતાનો સક્રિય સહયોગ આપવો. આપના ક્રોધ અને આવેશ ઉપર સંયમ રાખવો.

વૃશ્ચિક : આપના ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક સંબંધી બાબતોમાં લાભ પ્રાપ્ત થશે. જીવનસાથીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. નવી તકો પ્રાપ્ત થઈ શકે છે.

ધન : આરોગ્યની બાબતમાં આપના ખાનપાન પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપારલક્ષી યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. વ્યાપારી વર્ગથી લાભ થવાની શક્યતા છે.

મકર : આપ બુદ્ધિકૌશલ્યથી પોતાના પર આવેલી મુશ્કેલીઓને દૂર કરી શકશો. કોટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવતું જણાય. આવકના નવા સાધનો પ્રાપ્ત થવાની શક્યતાઓ છે. કાર્ય સમય પર પૂરા થવાનો યોગ છે.

કુંભ : કુટુંબીજનોના સાથ અને સહકારથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે. ધનની વ્યવસ્થા કરવામાં મુશ્કેલીઓ આવી શકે છે.

મીન : આપ આધ્યાત્મિક સત્સંગ તરફ મન લાગશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાયમાં દિવસ મધ્યમ પસાર થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

ચિરવિદાય

- સ્વ. નવુબા સતુસિંહ રાણા (ઉ. વ.૬૬) મુ.પો. નવા ધરમપુરા(ભુડીયા) તા., જિ. ગાંધીનગર
- સ્વ. વિલાસચંદ્ર લક્ષ્મણરાવ ફાળકે (ઉ. વ.૫૯) સી.પી.ઈ.ઈ.પી. કોલોની, સેકટર-૬/ડી, ગાંધીનગર

દીકરી વ્હાલનો દરિયો છે તો પપ્પા પ્રેમની પરબ

સંબંધ સજાવે જિંદગી

દીકરી વ્હાલનો દરિયો

- પોપટલાલ પ્રજાપતિ

gsrelation@yahoo.com

દિકરી વ્હાલનો દરીયો છે. સ્નેહનો સમંદર છે, મમતાનો મહાસાગર છે બધીય વાત સાચી પણ વર્તમાન સમયમાં દિનપ્રતિદિન છાકટા બનતા સડક છાપ રોમીયો સામે ટકકર લઈ શકે તેવી ક્ષમતા દિકરીમાં હોવી જોઈએ કે નહિ ?

દરિયા કાયમ શાંત રહેતો હોય, એ ક્યારેય માઝા ન મુકતો હોય, એનામાં ક્યારેય ઝંઝાવાતી ચકવાત કે સુનામી ન સર્જાતુ હોત તો કાળા માથાના માનવીએ સમુદ્ર પર ઠેરઠેર પુલો બાંધી કે બંધ બાંધી સમુદ્રને વેરવિખેર કરી નાખ્યો હોત પણ તેના કવચિત થતા રૌદ્ર સ્વરૂપની કલ્પના કરી સૌ કોઈ સમુદ્ર સાથે ઝાઝા અડપલા કરવાનું ટાળે છે આ સમજણ સાથે દિકરીનું ઘડતર કરવાનો અમૃતભાઈ પ્રજાપતિએ મનસુબો કર્યો અને દિકરી ગૌરવભેર જીંદગી માણી શકે તે માટે તેના ઉચ્ચ શિક્ષણ સાથે તેને કરાટે ચેમ્પિયન બનાવવા કમર કસી. અને દિકરી સ્નેહલે પપ્પાના આ પડકારને ઝીલી લીધો અને પપ્પાના મનસુબાને પાર પાડવા દિકરી કટીબદ્ધ બની કારણ કે પપ્પાના પ્રેમાળ વ્યક્તિત્વનો તેણે હંમેશા આદર કર્યો છે.

તેણે કરાટે ડૉ. એકેડમીના નિષ્ણાત પ્રશિક્ષિકા કિલ્લોલબેન સાપરિયાના માર્ગદર્શનમાં કરાટેની તાલીમ લેવાનું શરૂ કર્યું. બીજા જ વર્ષે ગાંધીનગર ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની કરાટે ચેમ્પીયનશીપમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રાજ્યકક્ષાનો સુવર્ણચંદ્રક મેળવ્યો અને પછી તો સ્નેહલની કરાટેની વણથંભી આગેકૂચ જારી રહી. તેણે ચોથા ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પીયનશીપનો એવોર્ડ જીતી ફરી એકવાર સુવર્ણચંદ્રક મેળવ્યો. ગવર્મેન્ટ ઓફ ગુજરાત દ્વારા

આયોજીત ઝુડો ચેમ્પિયનશીપમાં પણ રાજ્યકક્ષાનો કાંસ્યચંદ્રક તેણે પ્રાપ્ત કર્યો છે. ઉપરાંત ગુજરાત રાજ્ય ઝુડો એસો. દ્વારા આયોજીત ઝુડો ચેમ્પીયનશીપમાં બે વખત સિલ્વર ચંદ્રક પણ પ્રાપ્ત કર્યો. કરાટેમાં બ્લેક બેલ્ટ આઈની પદવી પ્રાપ્ત કરી છે. અને પપ્પાની છાતી ગજ ગજ ફુલવા લાગી કારણ કે તેમના મનસુબાને દિકરીએ ગૌરવભેર સાકાર કર્યો. તેમણે દિકરીને છુટો દોર આપ્યો કે બેટા, આ ક્ષેત્રે તારી કુચ જારી રાખ અને અન્ય યુવતિઓ તારામાંથી પ્રેરણા લઈ પોતાના જીવનને ધન્ય બનાવી શકે એવુ માર્ગદર્શન આપ. અને દિકરીએ ગાંધીનગરની સ્કુલોમાં જઈ તેની સમકક્ષ યુવતીઓને સેલ્ફ ડીફેન્સની તાલીમ આપવા માંડી. સ્નેહલનો ઉત્સાહ બેવડાયો તેણે કરાટે ઉપરાંત જુડોની પણ તાલીમ લીધી. કરાટે અને જુડોમાં તફાવત એ છે કે કરાટેમાં કીક મારી પ્રતિ સ્પર્ધીઓને દુરથી એટેક કરવાનો હોય છે અને જુડોમાં ગ્રીપ પકડીને કુશ્તીની જેમ પ્રતિસ્પર્ધિને મહાત કરવાનો હોય છે. બંનેમાં સ્નેહલે ચંદ્રકો મેળવી ગૌરવભરી સિધ્ધી પ્રાપ્ત કરી. સ્વ રક્ષણની સાથે શૈક્ષણિક ઘડતરમાં પણ તેણે પાછુ વળીને જોયું નથી. એચ.એલ. કોમર્સ કોલેજમાં અંગ્રેજી મીડીયમમાં બી.કોમ. કરી હાલ તે એમબીએ (ફાઈનાન્સ)માં અભ્યાસ કરે છે. ધોરણ-૧૨ કોમર્સમાં ૮૬.૪૩ ટકા સાથે ગાંધીનગર શહેરમાં સાતમા ક્રમે આવી હતી. સ્નેહલનો એક માત્ર શોખ જુડો- કરાટે અને રમત-ગમતનો રહ્યો છે. ટી.વી.નું વળગણ તેને જરાય નથી. સ્વભાવે સરળ, શાંત પ્રકૃતિની અને નામ જેવો જ સરળ પ્રકૃતિ ધરાવતી સ્નેહાળ સ્વભાવની છે પણ શાંત અને સરળ પ્રકૃતિ ધરાવતી સ્નેહલ હાથમાં નાનચાકુ, ટોનફા અને લાદી લઈ મેદાનમાં ઉતરે એટલે વીરાંગના જેવી લાગે. તેની સ્ફુર્તી અને ચપળતા જોઈ સૌ દિગ્મુઢ બની જતા.

તે યુવતિઓને હંમેશા શીખ આપતી કે બિચારા બાપડા થઈને રહેવું એના કરતાં ગૌરવભેર રહેતાં શીખો. વર્તમાન સમયની માંગ છે કે દિકરીઓએ સ્વ- રક્ષણની તાલીમ લેવી જ રહી. મારામાં ગૌરવ અને આત્મસન્માનની ભાવના જગાડનાર મારા પપ્પા મારો પ્રેરણા સ્રોત છે. સાચું કહું તો પપ્પા એટલે પ્રેમની પરબ.

બળબળતા બપોરે અંગ દઝાડતી ગરમીમાં પસાર થતા વટેમાર્ગુને વાટમાં પાણીની પરબ મળે એટલે એની જીંદગી જીંદગીમાં જાણે નવસંચાર થાય તેમ સંસારની સમસ્યાઓ અને મુંઝવણોમાં આશાનો સંચાર કરાવનાર એક માત્ર મારા પપ્પા છે. મારી જીંદગીને તેમણે એક દિશા આપી છે જેનાથી સંસાર સાગરના ગમે તેવા ઝંઝાવાતોમાં મારી નાવડી પાર તરી જશે. સ્નેહલના પપ્પા અમૃતભાઈ કે. પ્રજાપતિ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેરમાં આસી. ડાયરેકટર તરીકે ફરજ બજાવે છે. તેમને બે દિકરા છે પણ અમૃતભાઈ કહે છે તે મારી સ્નેહલ એટલે સ્નેહલ... બસ સ્નેહનો ઘુઘવતો સાગર અને સ્નેહલને પણ મમ્મી કરતાંય પપ્પા પર વધારે પ્રિત. જોકે મમ્મી પણ ગૃહસ્થ જીવનનું ઘડતર કરવામાં અમુલ્ય ફાળો આપે છે. સાચે જ પપ્પા એટલે પ્રેમની પરબ...